કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,
આદર્શભવનની બાજુમાં,અઠવાલાઈન્સ,
સુરત મહાનગરપાલિકા, સુરત.

# સુરત મહાનગરપાલિકા

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬
મ્યુનિસિપલ ઝોન ઓફિસ, સુરત.

નં.સા.વે.ઝોન(અઠવા)/આ. ૬૫૦૬
તારીખ: ૭/૧૨/૨૦૨૪

**–: સંમતિ પત્ર:–**

પ્રતિ,
........................................
........................................
........................................
........................................
........................................

વિષય :– સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સબઝોન ૩ ના વિવિધ ગાર્ડનો,શાંતિકુંજ અને વોક–વે જેવી જગ્યાએ આઉટડોર ફીઝીકલ ફીટનેસના સાધનોને સપ્લાય અને ફીક્ષ કરવાનું કામ (એક વર્ષનું ફ્રી મેઈન્ટેનન્સ સહિત) તેમજ હયાત ફીઝીકલ ફીટનેસના તેમજ રમત –ગમતના સાધનોને મરામત કરવાનું કામ.

સંદર્ભ :– (૧)જા.બા.સ.નં.૪૧૨/૨૦૨૩, તા.૩૧/૦૫/૨૦૨૩ થી મંજુર થયેલ ભાવે અને શરતે
(૨)સ્થા.સ.નં.૧૪૮૫/૨૦૨૪, તા.૨૧/૦૯/૨૦૨૪ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતે
(૩) મે.એડી.સીટી.ઈજનેરશ્રી ની તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજની મંજુરી

**મહાશય,**

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં સબ ઝોન ૩ ના વિવિધ ગાર્ડનો,શાંતિકુંજ અને વોક–વે જેવી જગ્યાએ આઉટડોર ફીઝીકલ ફીટનેસના સાધનોને સપ્લાય અને ફીક્ષ કરવાનું કામ (એક વર્ષનું ફ્રી મેઈન્ટેનન્સ સહિત) તેમજ હયાત ફીઝીકલ ફીટનેસના સાધનોને મરામત કરવાનું કામ ઉકત સંદર્ભ(૧) મુજબ જા.બા.સ.નં.૪૧૨/૨૦૨૩, તા.૩૧/૦૫/૨૦૨૩ તથા રમત–ગમતના સાધનોને મરામત કરવાનું કામ(૨)સ્થા.સ.નં.૧૪૮૫/૨૦૨૪, તા.૨૧/૦૯/૨૦૨૪ થી મંજુર થયેલ ભાવે અને શરતે અને શરતે રૂા.૫,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ(૩) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા. ૧૧/૧૨/૨૦૨૪ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**–: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૧,૦૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

➢ અંદાજીત રકમના ૪૦% એટલે કે રૂા. ૨,૦૦૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમ ના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

➢ અંદાજીત રકમના ૫૦% એટલે કે રૂા. ૨,૫૦,૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમ ના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

અથવા

➢ અંદાજીત રકમના ૮૦% એટલે કે રૂા.૪,૦૦૦૦૦.૦૦ પૈ. કે તેથી વધુ રકમના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

૪. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૬. ઈજારદારે શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતોને બંધનકર્તા રહેશે.

૭. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૮. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.

૯. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૦. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીંગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૧. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detailed Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૨. રમત–ગમતના સાધનોને મરામત કરવાના ભાવ GST સિવાયના છે. તેમાં GST નું ચુકવણું અલગથી કરવામાં આવશે.

બીડાણ : (૧) શીડયુલ–બી ની નકલ.

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન**
**સુરત મહાનગરપાલિકા.**

**નકલ રવાના :** તમામ ખાતા/ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી પ્રતિ જાણ તથા નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા સારૂ.